ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં હલકા પ્લાસ્ટીકનો વપરાશ ફરી શરૂ

## શાકભાજીના વેપારીઓ સુધરતા નથી : પ્લાસ્ટીક મુક્ત ગુજરાતના રૂપાણી સરકારના સપનાંને મોટી બ્રેક લાગી, શાકભાજી માર્કેટ ઉપરાંત કરિયાણામાં પણ હલકી ગુણવત્તાનું પ્લાસ્ટીક વહેંચાઇ રહ્યું છે

ગાંધીનગર, તા. ૬

ગુજરાતના શહેરોમાં હલકાં પ્લાસ્ટીકનો ફરીથી કારોબાર શરૂ થયો છે. સરકારે પ્રતિબંધ મૂક્યાં પછી થોડો સમય સુધી ચેકીંગ શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ હવે રાજકીય આશ્રય સાથે વેપારીઓ ધમધોકાર ઉત્પાદન શરૂ કરીને બજારમાં હલકી ગુણવત્તાનું પ્લાસ્ટીક ઠાલવી રહ્યાં છે.

દિવાળીના તહેવારોમાં પ્લાસ્ટીક બેગનો ઉપયોગ અચાનક વધી ગયો છે. આજે ગાંધીનગર સહિતના રાજ્યના મુખ્ય શહેરોના બજારમાં પ્લાસ્ટીકની ઓછા માઈક્રોનવાળી બેગો ફરતી થઈ ચૂકી છે. શાકભાજી કે કરિયાણાની દુકાનમાં પ્લાસ્ટીકની બેગમાં વસ્તુ પેક કરીને આપવામાં આવી રહી છે. એકમાત્ર વિદેશી સ્ટોર્સ એટલે કે સબ વે અને મેકડોનાન્ડ જેવી રેસ્ટોરન્ટ કાગળની બેગમાં ફુડ પેક કરીને આપે છે પરંતુ સ્થાનિક વેપારીઓ અને ધંધાર્થીઓ પ્રતિબંધિત માઈક્રોનવાળી બેગો ગ્રાહકોને આપી રહ્યાં છે.

રાજયના તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે સૌ પ્રથમ પ્લાસ્ટીક પર પ્રતિબંધ મૂક્યો હતો, ત્યારબાદ વિજય રૂપાણીની સરકારે પણ પ્લાસ્ટીક ફ્રી ગુજરાતનું મોડલ અપનાવીને ફરીથી પ્રતિબંધ લાદ્યો હતો. જે સમયે પ્રતિબંધ મૂકવામાં આવ્યો ત્યારે સઘન ચેકીંગ ઝૂંબેશ શરૂ કરીને દંડનીય કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી પરંતુ ૧૫ દિવસ પછી પ્લાસ્ટીકની બેગ ફરીથી બજારમાં ફરતી થઈ ગઈ હતી.



દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય લેવલે પ્લાસ્ટીક ફ્રી કન્ટ્રીનો સંદેશો આપ્યો ત્યારે ગુજરાત સરકારે ફરીથી પ્લાસ્ટીક પર પ્રતિબંધના આદેશ કર્યા હતા અને ચેકીંગ ઝૂંબેશ શરૂ કરવામાં આવી હતી પરંતુ અત્યારે માર્કેટમાં દિવાળી પછી પ્લાસ્ટીકની બેગનું વર્ચસ્વ વધતું જાય છે.

પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી એક સંસ્થાએ કહ્યું હતું કે સરકારને જો પ્લાસ્ટીક પર પ્રતિબંધ મૂકવો હોય તો તેણે સૌ પ્રથમ હલકી ગુણવત્તા અથવા તો ૫૦ માઈક્રોન કે તેનાથી ઓછા માઈક્રોનવાળી બેગો બનાવતી ફેકટરીઓમાં રેડ પાડીને તેને સીલ કરી દેવી જોઈએ. જો ઉત્પાદન નહીં હોય તો બજારમાંથી પ્લાસ્ટીકની બેગ ગાયબ થઈ જશે અને સરકારનો ઉદ્દેશ સફળ થશે. જો તેમ નહીં થાય તો માનવ જીવનની સાથે પશુઓને પ્લાસ્ટીકમાંથી મુક્તિ મળી શકશે નહીં.

ગુજરાતમાં જ્યારે પ્લાસ્ટીકની બેગો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો ત્યારે કારખાનાંઓમાં દરોડા પડતા જોઈને સત્તાધારી ભાજપના કેટલાક નેતાઓના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી, કારણ કે ગુજરાતમાં મોટાભાગના પ્લાસ્ટીક ઉત્પાદનના એકમો ભાજપ અને તેમના સહયોગીઓ ચલાવી રહ્યાં છે. હવે રાજકીય આશ્રય સાથે પ્લાસ્ટીકનું ઉત્પાદન વધ્યું છે તેથી બજારમાં હલકી ગુણવત્તાવાળી બેગ આવી ચૂકી છે.

# લક્ઝરી બસમાં મુસાફર પાસેથી વિદેશી દારુના ૩૭૧ ટ્રેટા પેક ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી ચિલોડા પોલીસે વાહન ચેકીંગ દરમિયાન લકઝરી બસની ડેકીમાંથી કપડાના થેલામાં વીટાળેલા વિદેશી દારુના કુલ ૩૭૧ ટ્રેટા પેક સાથે એક શખ્સને પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે રૂ.૨૫,૯૭૦ ની કિંમતના ૩૭૧ વિદેશી દારુના ટ્રેટા પેક, રૂ.૫ હજારનો મોબાઈલ મળીને કુલ રૂ.૩૦,૯૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે દારૂ લાવનાર અને મંગાવનાર સામે પ્રોહીએકટ મુજબ ફરીયાદ નોંધી આગળની તપાસ શરુ કરી છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે સમયે હિંતમનગર તરફથી ખાનગી લકઝરી બસ આવી હતી. જેને ઉભી રખાવીને ડ્રાઈવર કંડકટરને સાથે રાખી પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં લકઝરીની ડેકીમાંથી સફેદ કલરના પોટલામાંથી વિદેશી દારુના ૩૭૧ ટ્રેટા પેક મળી આવ્યા હતા. આ પોટલા કંડકટરે મુસાફરના હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે જીતુભાઈ જવરમલ લાલવાણી(ઉં.૩૨, રહે.દંતેશ્વર ઓડાના મકાન સ્માશાન પાસે મકરપુરા બરોડા) પાસે દારુ અંગે પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવ્યું હતું. જયારે આ દારુ કોને આપવાનો છે તેમ પુછતા તે યુવકે વડોદરા વરાછા વિસતારમાં હરીશીવા સ્કુલ સામે બરફગલીની બાજુની ગલી રહેતા મોહિતે મંગાવ્યો હોવાથી તેને આપવાનો હતો તેમ જણાવ્યું હતું. પોલીસે રૂ.૨૫૯૭૦ ના કુલ ૩૭૧ દારુના ટ્રેટા પેક અને રૂ.૫ હજારનો દારૂ કબ્જે કરી દારુ મંગાવનાર અને લાવનાર શખ્સ સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



સત્યાગ્રહ છાવણી ખાતે યુવક કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા પાર્થિવસિંહ હાજર રહ્યા હતા. ખેડુતો સાથે થતા અન્યાયનો અવાજ ઉઠાવી ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસીય પ્રતિક ઉપવાસ આંદોલનમાં યુવક કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવકતા પાર્થિવસિંહ, ગાંધીનગર જિલ્લા પ્રમુખ શકિતભાઈ પટેલ, જિલ્લા પ્રવકતા, મહામંત્રી ફેનીલ પટેલ સહિત મોટીસંખ્યામાં યુવા કોંગ્રેસના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.



ભારતના બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પૂણ્યતિથિ પર મેયર રીટાબેન પટેલ અને મહાનુભાવો દ્વારા શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતાં.

# એટીએમ મશીન સાથે ચેડા કરી રૂપીયાની ઉચાપત કરતી ગેંગના બે શખ્સો ઝડપાયા

## એલસીબી-૨ પોલીસે સેકટર-૨૩ એસબીઆઈ એટીએમ પાસેથી પકડી પાડ્યા : આરોપીઓ પાસેથી વિવિધ બેંકના ૯ એટીએમ અને રૂ.૭૦ હજાર રોકડા મળ્યા

ગાંધીનગર, તા.૬

શહેરમાં આવેલી વિવિધ બેંકના એટીએમ મશીન સાથે ચેડા કરી રૂપીયાની ઉચાપત કરતી આંતરરાજય ગેંગના બે શખ્સોને એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યા છે. પોલીસને આરોપીઓ પાસેથી અલગ-અલગ બેંકના ૯ એટીએમ તેમજ રોકડા રૂ.૭૦ હજાર મળી આવ્યા છે. સેકટર-૨૩ શોંપીગ સેન્ટર એસબીઆઈ બેંકના એટીએમ પાસેથી બે યુવકોને પોલીસે દબોચી લીધા હતા. પોલીસે બંન્ને શખ્સો સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા અને પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા તાજેતરમાં બેંક ફ્રોડ તેમજ મિલકત સંબંધી ગુના અટકાવવા તેમજ શોધી કાઢી પરિણામલક્ષી કામગીરી અંગે સુચના આપતા એલસીબી-પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા વિવિધ ટીમો બનાવી તે દિશામાં કાર્યરત હતા. આ દરમિયાન શહેરી વિસ્તારમાં એલસીબી-૨ની ટીમ પેટ્રોલીંગમા હતી. તે સમયે સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ હસમુખભાઈ હેમુભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ સચિનસિંહ સતુજીને સેકટર-૨૩ કડી સ્કુલ પાસે ખાનગી રાહે બાતમી મળી હતી.જેમાં સેકટર-૨૩ ઈન્કવાયરી ઓફિસ સામે શોંપીગ સેન્ટર ખાતે આવેલા એસબીઆઈ બેંકના એટીએમમાં બે શખ્સો શંકાસ્પદ હરકતો કરી રહ્યા છે. જેથી પોલીસે તપાસ કરતા એસબીઆઈ બેંકમાં એટીએમ નજીક બે શખ્સો શંકાસ્પદ હાલતમાં મળી આવતા તેમને રોકીને તેમનુ નામ પુછતા અસ્વિનીકુમાર કૈશાલ ચંદ નિશાદ (રહે.નયાપુરવા હલીયા મુસાનગર જી.કાનપુર ઉતરપ્રદેશ) અને કિશનબાબુ ઉર્ફે માસ્ટર રામવતાર નીશાદ (રહે. દેવકલીગામ તા.કાલીપ, જી.જાલોન ઉતરપ્રદેશ) હોવાનું સામે આવ્યું હતું.

પોલીસની પુછતાછમાં બંન્ને આરોપીઓએ કબુલ કર્યું છે કે તેઓ પોતાના સગા-સ્નેહીજનોના તેમજ મિત્રોના બેંક એટીએમ કાર્ડ મેળવી ઉતરપ્રદેશથી ગુજરાત અને બીજા રાજયમાં જતા હતા. અગાઉ નક્કી કરેલા શહેરી વિસ્તારમાં આવેલા બેંક એટીએમ સેન્ટરની રેકી કર્યા બાદ બેંક એટીએમ કાર્ડ વડે એટીએમ મશીનમાં ટ્રાંજેકશન કરી મશીન સાથે ચેડા કરી કેશ ટ્રે માંથી રૂપીયા બહાર લઈ લેતા હતા.ત્યારબાદ ઉતરપ્રદેશ જઈ આ ટ્રાંન્જેકશન અંગે બેંકમાં પોતાના રૂપીયા ના ઉપડયા અંગે ફરીયાદ કરી બેંકમાંથી તે રૂપીયા રીફંડ તરીકે પરત મેળવતા હતા. બે શખ્સોની સામે કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસઅર્થે સેકટર-૨૧પોલીસ મથકને સોંપવામાં આવેલ છે.

**બે શખ્સો પાસેથી મળી આવેલ મુદ્દામાલ**
- એકિસસ બેંકના અલગ અલગ કુલ ૯ એટીએમ કાર્ડ
- યુનિયન બેંકનું ૧ એટીએમ કાર્ડ
- બેંક ઓફ બરોડા બેંકનું ૧ એટીએમ કાર્ડ
- અલગ-અલગ બેંકના એટીએમ મશીનમાંથી ઉપાડેલ તેમજ જમા કરાવેલી રકમ અંગેની ટ્રાંજેકશન સ્લીપો
- રૂ.૭૦,૦૦૦ રોકડા
- બે મોબાઈલ ફોન

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર એલસીબી-૨ પોલીસ દ્વારા વર્ષ ૨૦૧૯માં આજ ગામના અને આ રીતે બેંક એટીએમ મશીન સાથે છેડછાડ કરી પૈસાની ઉચાપત કરતી ટોળકીના ત્રણ શખ્સોને પકડી પાડ્યા હતા. આ શખ્સો પાસેથી પોલીસને વિવિધ બેંકના ૫૬ એટીએમ કાર્ડ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# સ્મશાનમાં તો વૈરાગ્ય હોય, જ્યાં વૈરાગ્ય હોય ત્યાં બીજા કશાને સ્થાન ના હોય

## પોતાની પાછલી જિંદગીના વર્ષો સ્મશાનમાં જ વિતાવનાર મગનભાઇ પરમારની અલગારી સેવા પછી પુત્ર દલસુખભાઇની પણ વૈરાગી સેવા : વર્ષોની સેવા પછી પણ બે પાંદડે થઈ ના શકેલા દલસુખભાઇ આજે રિક્ષા ચલાવી ગુજરાન ચલાવે છે પણ પ્રમાણિક્તામાં કોઈ બાંધછોડ નથી કરતાં




ગાંધીનગર તા. ૬

રાજયના મેલેરિયા વિભાગમાં દવા છંટકાવનું કર્યા કરવાની નોકરી જે પહેલા રૂરલ વિસ્તારમાં હતી અને પછી ૧૯૭૦થી ગાંધીનગરમાં બદલી થતાં સ્થાયી થયેલા ધોળકાના વતની મગનભાઈ પરમારે પોતાની નિવૃતિ પછીની જિંદગીના લગભગ ૯ વર્ષ પાટનગરના સેકટર-૩૦ ખાતેના સ્મશાનમાં જ વિતાવ્યા હતા. એ વખતે એ સ્મશાનનું અત્યારે જે "મુક્તિધામ" નામનું સ્વરૂપ દેખાય છે તે પ્રાપ્ત થયું નહોતું. સ્મશાનમાં અંતિમક્રિયા માટેની જગ્યા સિવાય એક ઓરડી હતી જે સ્મશાનની ઓફિસ કહો કે મગનભાઈનું રહેઠાણ કહો બધુ એજ હતી. નદી કિનારે સ્મશાન હોવાથી ક્યારેક સાપ કે અન્ય જીવ-જંતુઓ આવી જાય, વરસાદ વરસે તો ઓરડીમાં પાણી ભરાઈ જાય જેવી અનેક મુશ્કેલીઓ વચ્ચે મગનભાઈએ ૧૯૯૦માં પોતાની ધર્મપત્ની ધનીબેનના અવસાન પછી સ્મશાનને જ પોતાનું ઘર બનાવી દીધું હતું. તેમના પુત્ર બે ટાઈમ ટિફિન આપી જતાં હતા પરંતુ ક્યારેક જો બપોરે અંતિમક્રિયા આવી હોય તો ટિફિન સાંજ સુધી પડી રહેતું અને જો સાંજે અંતિમક્રિયા કરવાની થઈ તો ટિફિન એમને એમ પડી રહે તેવું પણ અગ્નિદાહ યોગ્ય રીતે સંપન્ન થાય એજ તેમની પ્રાથમિકતા રહેતી હતી.

સેક્ટર-૨૨માં જ ટાઈપમાં સરકારી આવાસમાં રહેતા મગનભાઈને નિવૃતિ પછી સ્મશાનમાં અંતિમક્રિયા માટે સરકારી ભાવે લાકડા પુરા પાડવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો જેના થકી તેઓ પોતાના ત્રણ પુત્રો અને બે પુત્રીઓ સાથેના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. રાત હોય કે દિવસ, શિયાળો હોય, ઉનાળો હોય કે ચોમાસુ કોઈપણ પરિસ્થિતિની ફરવા કર્યા વગર તેઓ લાકડા તોલીને તેની વ્યવસ્થિત ચિતા ગોઠવવાથી માંડીને અગ્નિદાહ પતે પછી મૃતકના અસ્થિ દૂધથી ધોઈને સ્વજનોને સોંપવા જેમાં કેટલાક અસ્થિ દર ત્રણ માસે હરિદ્વાર ખાતે કરાતી અસ્થિવિસર્જન માટેની સેવામાં મુકાવવા સુધીની અંતિમક્રિયામાં લાગી જતાં હતા. સ્મશાનમાં નનામી આવતા જ જોઈને કેટલા લાકડા વાપરશે તેનો તેઓ અંદાજ બાંધી લેતા હતા. એક મૃતદેહ માટે ઓછામાં ઓછા ૨૫૦ કિલોથી વધુમાં વધુ ૩૬૦ કિલો સુધીના લાકડાની જરૂર પડે છે. મગનભાઈની સ્મશાન પ્રત્યે એવી નિષ્ઠા કે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.ચીમનભાઈ પટેલના અવસાન વખતે તેમની સરિતા ઉદ્યાન પાસે યોજનારી અંતિમક્રિયા માટે મગનભાઈને લેવા એક સરકારી અધિકારી આવ્યા હતા પરંતુ તેમણે સ્મશાન સૂનું મૂકીને આવવાનો નનૈયો ભણી દીધો. છેવટે અધિકારીએ સ્મશાન ખાતે એક વ્યક્તિને મૂકવાની વ્યવસ્થા કરી ત્યારે મગનભાઈએ આવીને સ્વ.ચીમનભાઈની ચિતા તૈયાર કરી અંતિમક્રિયા સંપન્ન કરાવી હતી. પાંચ વર્ષના બાળકથી માંડીને ૧૪૦ વર્ષના વૃદ્ધાને અગ્નિદાહ આપી ચૂકનારા મગનભાઈને ૧૯૯૯માં તેમના અવસાન બાદ તેમના દેવીપૂજક-બાવરી સમાજના રિતરિવાજ મુજબ અમદાવાદનાં જમાલપુર ખાતેના સ્મશાને દફનાવવામાં આવ્યા હતા. મગનભાઈનું અવસાન અન્નનળી અને શ્વાસનળી વચ્ચે થયેલી એક ગાંઠના કારણે થયું હતું જેનું ઓપરેશન કરવવાની તેમણે પોતે ના પાડી દીધી હતી. મગનભાઈએ સ્મશાનમાં અનેક વૃક્ષોનું વાવેતર કર્યુ હતું અને તેમની ઈચ્છા હતી કે પાટનગરનું સ્મશાન રાજયમાં સૌથી સુંદર હોવું જોઈએ.

મગનભાઈના અવસાન પછી તેમના મોટા પુત્ર દલસુખભાઈને ૨૬ રૂપિયે મણના ભાવે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો અને જે અંતર્ગત મગનભાઈના બીજા નબરના પુત્ર હીરાલાલે સેવા સ્મશાને સેવા આપવાનું શરૂ કર્યું હતું. બંને ભાઈઓએ મળીને પિતાના વારસાને આગળ ધપાવતા સ્મશાનમાં વડ સહિતના વૃક્ષો વાવીને ઉછેરવાનું કામ પણ કરતાં રહેતા હતા. વર્ષ ૨૦૦૪માં હીરાલાલનું અવસાન થઈ જતાં અગ્નિદાહની તમામ જવાબદારી દલસુખભાઈએ ઉપાડી લીધી હતી. દલસુખભાઈ પોતે માત્ર એસએસસી પાસ હતા પરંતુ







એમના પત્ની ગૌરીબેન એમકોમ થયેલા હતા અને પ્રેમધારા શિશુ વિહારમાં છોકરીઓને સિવણકામ શિખવાડવાનું કામ કરતાં હતા. આ સાથે ગૌરીબેન દલસુખભાઈને સ્મશાને પણ મદદરૂપ થતાં હતા. ગૌરીબેનનું બીમારીના કારણે અવસાન થતાં ત્રણ દીકરાઓને ઉછેરની જવાબદારી એકલા દલસુખભાઈ પર આવી પડી હતી. દલસુખભાઈએ અગ્નિદાહની સેવા વર્ષ ૨૦૦૯ સુધી સંભાળી હતી અને આ દરમ્યાન તેમણે પિતાની સેવાના આધારે આ કાર્ય કોન્ટ્રાક્ટના ધોરણે કરવાને બદલે રહેમરાહે સરકારી નોકરી આપવા સરકાર સમક્ષ વિનંતી મૂકી હતી પરંતુ તેનો સ્વીકાર થયો નહોતો. પૂર્વ મુખ્યમંત્રીઓ અમરસિંહ ચૌધરી અને કેશુભાઈ પટેલના ધર્મપત્નીઓની અંતિમક્રિયા પણ સંપન્ન કરનાર દલસુખભાઈએ તેમની ફરજ દરમ્યાન આશરે ૧૫હજાર જેટલા મૃતદેહોને અગ્નિદાહ આપ્યો હતો. જુનિયર સીટીઝન કાઉન્સિલને સ્મશાનનો વહીવટ સોંપાયા પછી કોન્ટ્રાકટના બદલે ઉચ્ચક પગારથી દલસુખભાઈની સેવા ચાલુ રાખવામા આવી પરંતુ પગાર ધોરણ ખુબજ ઓછું પડવાથી તેમણે ના છૂટકે બે વર્ષ પછી આ સેવા છોડી દેવાનો નિર્ણય કર્યો હતો. આ સમયે તેમની આર્થિક સ્થિતિ નાજુક હતી, કેમકે અગાઉ કોન્ટ્રાકટ દરમ્યાન તેમણે સ્મશાનમાં લાકડાનો મોટો સ્ટોક કર્યો હતો જેમાં લાંબા સમયે સુકવાથી વજનમાં પડેલી ઘટને કારણે થયેલા નુકસાનની ભરપાઈ કરવા તેમને પિતાને નોકરી દરમ્યાન મળેલ રાહતદરનો પ્લોટ પણ વેચવો પડ્યો હતો. સ્મશાનની નોકરી છોડીને તેમણે ખાનગી ફાઈનાન્સમાથી લોન લઈને રિક્ષા લીધી અને આજદિન સુધી તેઓ રિક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન કરી રહ્યા છે. તેમનો મોટો દીકરો જે સ્પોર્ટ્સ અને યોગમાં માસ્ટર ડિગ્રી કરી રહ્યો છે જે તેમને ઘરમાં રસોઈ બનાવવાથી માંડીને અન્ય કાર્યોમાં મદદરૂપ થાય છે.

પોતાની ફરજ દરમ્યાન દલસુખભાઈએ અનેક અનુભવો મેળવ્યા હતા. એકવાર એક દાતા તેમને રૂ. ૧૦હજારની દાન-ભેટ આપવા માંગતા હતા જે લેવાનો દલસુખભાઈએ ઈનકાર કરી દીધો હતો. પેલા દાતાએ વધુ આગ્રહ કરતાં દલસુખભાઈએ તેમને સ્મશાનમાં ચબૂતરો બંધાવવાનું કહ્યું હતું. સ્મશાને આવનારા મૃતકના સ્વજનો દ્વારા આપવામાં આવતા દાનમાથી તેઓ આ ચબૂતરાના ચણની વ્યવસ્થા કરતાં હતા. એકવાર અકસ્માતે મોતને ભેટેલા એક વ્યક્તિની બિનવારસી લાશ તરીકે પોલીસ દ્વારા લાવવામાં આવેલ એક લાશની અંતિમક્રિયા બાદ પોલીસ પાસે રહેલા ફોટા જોતાં જ તેઓ ઓળખી ગયા કે તે ૧૭/૨૨ ખાતે ફળ વેચતા લારીવાળો છે તેમણે તેના પરિવારનો સંપર્ક કરીને જાણ કરી તેમજ તેમના અસ્થિ પણ સાચવીને પહોચડ્યા હતા. સ્મશાનની નોકરી છોડી દીધા પછી પણ આજ સુધી તેમણે પિતાથી માંડીને પોતાના કાર્યકાળ સુધીની જેટલી સચવાય તેટલી પહોચબૂકો સાચવી રાખી છે જેના થકી તેઓ અત્યાર સુધીમાં આશરે ૩૦થી વધુ સ્વજનોને મૃતકના ખોવાઈ ગયેલા પ્રમાણપત્ર માટે મદદરૂપ થઈ શક્યા છે. આ કામ માટે તેમની પાસે અનેક વ્યક્તિઓ જેટલા પૈસા લેવા હોય તે લઈને ખોટી પહોચ આપવા ઓફર કરી ચૂક્યા છે પરંતુ તેઓ ક્યારેય ટસના મસ થતાં નથી. પિતાનો આધ્યાત્મનો વારસો પ્રાપ્ત કરનાર દલસુખભાઈ માને છે કે "સ્મશાનમાં તો વૈરાગ્ય હોય અને જ્યાં વૈરાગ્ય હોય ત્યાં બીજા કશાને સ્થાન નથી હોતું".

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. ઠાકોર જવાનજી બેચરજી, ઉ.વ.૬૬, બોરીજ તા.જી. ગાંધીનગર
- સ્વ. વિનસ બાબુલાલ ગોપીવાલા, ઉ.વ. ૬૨, છારોડી, અમદાવાદ
- સ્વ. દરજી સુભદ્રાબેન બિપીનચંદ્ર, ઉ.વ. ૬૮, પેથાપુર, તા.જી. ગાંધીનગર.
- સ્વ. ઠાકોર પોપટજી મથુરજી, ઉ. વ. ૫૪, સેકટર-૧૫, ફતેપુરા, ગાંધીનગર.
- સ્વ. ચંદ્રકાન્ત રતિલાલ સોની, ઉ.વ. ૬૪, સાલકી, તા. જી. ગાંધીનગર.
- સ્વ. પટેલ મંગુબેન ગોપાલભાઈ, ઉ.વ. ૭૩, પરબતપુરા, તા. માણતા, જી. ગાંધીનગર.
- સ્વ. શોભનાબેન રમેશચંદ્ર ભાવસાર, ઉ.વ. ૬૭, ન્યુ રાણીપ, અમદાવાદ.
- સ્વ. પટેલ ચુનીલાલ કચરાભાઈ, ઉ.વ. ૭૫, ધમાસણા, તા. કલોલ, જી. ગાંધીનગર.
- સ્વ. ઠાકોર કાળાજી બબાજી, ઉ.વ. ૮૫, ચાંદીસણા, તા. કલોલ, જી. ગાંધીનગર.

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. સુથાર કેશવલાલ ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૦, ભોણય રાઠોડ, તા. જી.ગાંધીનગર.
- સ્વ. નાયી કાંતિલાલ જોઈતારામ, ઉ.વ. ૬૮, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. પ્રજાપતિ યતીન કિરીટકુમાર, ઉ.વ. ૨૬, વાવોલ, ગાંધીનગર.
- સ્વ. પંડ્યા મુકેશકુમાર ત્રિકમભાઈ, ઉ.વ. ૬૧, કુડાસણ, ગાંધીનગર.
- સ્વ. પાલીબેન ઉદાજી ઠાકોર, ઉ.વ. ૭૦, વલાદ, તા.જી. ગાંધીનગર.